# શિક્ષકનું કામ માત્ર સંભળાવવાનું જ નથી, સાંભળવાનું પણ છે.

વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આંતરવ્યવહાર થાય છે. આ વ્યવહારમાં બંને પક્ષની સક્રિયતા જરૂરી જ નહીં પણ અનિવાર્ય છે. બંને પક્ષમાંથી એક પણ પક્ષની નિષ્ક્રિયતા હેતુ સિદ્ધિ માટે બમ્પનું કામ કરે છે. માટે જ વર્ગનું વાતાવરણ એવું સર્જાવું જોઇએ કે જ્યાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે, વિદ્યાર્થી અને વિદ્યાર્થી વચ્ચે આંતરવ્યવહાર સતત ચાલે. આ માટે પ્રેરણાનો સ્રોત અને વાતાવરણનો સર્જનહાર છે-શિક્ષક.

આજના વર્ગખંડની પરિસ્થિતિનો વિચાર કરીએ તો બાળક પોતે એક મૂંઝવણભરી પરિસ્થિતિમાં દબાયેલા અવાજે અને ગૂંગળાયેલા શ્વાસે વર્ગખંડમાં જીવતો હોય છે. શિક્ષકને વર્ગખંડનો રાજા કહ્યો છે પણ તેનો અર્થ બીજો જ ઘટાવવામાં આવી રહ્યો છે. શિક્ષક વર્ગનો રાજા અને વિદ્યાર્થીઓ તેના સિપાહી હોય તેવું જોવા અને જાણવા મળે છે. જેમ રાજાનો હૂકમ સિપાહીઓએ માનવો પડે, રાજાને તાબે થઇને જ કોઇપણ જાતનો શબ્દ કે ઉંહકારો બોલાવ્યા સિવાય રાજા કહે તે કરવું જ પડે તેમ વર્ગનો રાજા પણ જેમ કહે તેમ મૂંગા મોઢે, ઉંહકારો કર્યા સિવાય વિદ્યાર્થીઓને કરવું પડે છે. આવા આપખૂદી ભર્યા વર્ગને સ્વર્ગ કેવી રીતે કહી શકાય? આજનો વર્ગ એ સ્વર્ગ નહીં પણ નરક જેવો લાગે છે. જેમાંથી જેટલા ઝડપથી આપણે બહાર આવીશું તેટલી ઝડપથી બાળક, સમાજ અને રાષ્ટ્રનો વિકાસ થશે. બંધિયાર પાણી પણ જેમ લાંબા સમયે દુર્ગંધ મારે છે તેમ આ બંધિયાર વાતાવરણમાં રહેલા બાળકો પાસેથી લાંબા સમયે સુગંધની અપેક્ષા ક્યાંથી રાખી શકાય? અને છતાં પણ આપણે તે અપેક્ષા રાખીએ છીએ, જે ન સંતોષાતા એકબીજા પર દોષનો ટોપલો ઢોળીએ છીએ.

ક્યારેક શિક્ષકો પાસેથી સાંભળવા મળે છે કે, વિદ્યાર્થીઓ અમારું સાંભળતા નથી, વિદ્યાર્થીઓ કહ્યામાં નથી, અમારું માનતા નથી. સ્વચ્છંદી બની ગયા છે. ત્યારે પ્રશ્ન કરવાની ઇચ્છા રોકી શકાતી નથી કે તમે વિદ્યાર્થીઓનું કેટલું સાંભળો છો? તમે વિદ્યાર્થીઓના કહ્યા પર ધ્યાન આપો છો? તમે વિદ્યાર્થીઓના અરમાનો-ઇચ્છાઓને માન આપો છો? જો તમે તેમને સાંભળતા નથી તો તેઓ તમને ક્યાંથી સાંભળવાના છે? જે બીજાને સાંભળે તેને બીજા સાંભળે. જેવું વાવીએ તેવું જ લણવાની અપેક્ષા રખાય. માન આપીએ તો મળે. આમ વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષા પૂર્ણ કરતાં પહેલાં તેમની અપેક્ષા સંતોષવી એ શિક્ષકધર્મ કહી શકાય. શિક્ષક જો શિક્ષકધર્મનું પાલન કરશે તો વિદ્યાર્થીઓ પણ વિદ્યાર્થીધર્મનું પાલન કરશે જ.

વર્ગખંડ કે વર્ગખંડની બહાર વદ્યાર્થીઓને પોતાનો અવાજ અને સૂર રજૂ કરવાની પૂરતી આઝાદી તો હોવી જ જોઇએ, પણ તે આઝાદીને સારી રીતે માણી શકે તે માટેનું વાતાવરણ પણ હોવું જોઇએ. તળાવમાં નહાવા પડવાની આઝાદી હોય પણ તળાવમાં પાણી જ નહોય તો? વિદ્યાર્થીઓને પોતાની મૂંઝવણ પ્રેમથી રજૂ કરવા દો. તેમની રજૂઆત વખતે હકારાત્મક રવૈયો અપનાવો. કેટલાક શિક્ષકો તો પહેલવાન છાપ હોય છે કે જેમની સામે તો શું પણ બાજુમાંથી પસાર થતાં પણ વિદ્યાર્થી ડરે છે. જે માટે પેલા પહેલવાન શિક્ષક ગૌરવ પણ અનુભવતા હોય છે! વિદ્યાર્થીને શારીરિક કારણસર રજા જોઇતી હોય તો પણ વિદ્યાર્થી તેમની પાસે જતાં ડરે છે. આવા શિક્ષકો જેટલા વહેલા નિવૃત્ત થાય તેટલા પ્રમાણમાં શિક્ષણનું હિત વધુ જળવાય.

શિક્ષકે એક જીવંત વ્યક્તિ સાથે દિલપૂર્વકનો મન સાથેનો સંબંધ જોડવાનો હોય છે. આ વખતે બંને પક્ષને એકબીજા માટે માન નહીં હોય, આદર અને વિશ્વાસ નહીં હોય તો મન સાથેનો નાતો બંધાશે જ

નહીં, જેની અસર શીખવા અને શીખવવા પર પડશે. વિદ્યાર્થીને દિવસ દરમિયાન અનેક બાબતો માટે શિક્ષકો સાથે ચર્ચા કરવાની કે રજૂઆત કરવાની જરૂર પડતી હોય છે. તે સમયે શિક્ષકોએ પ્રોત્સાહન આપીને તેમની સાથે ચર્ચામાં ભાગ લેવો જોઇએ, તેમની રજૂઆતને સાંભળવી જોઇએ.આમપણ શિક્ષણ પ્રક્રિયા ત્યારે જ સંભવી શકે જ્યારે શીખનાર પોતે સ્વસ્થ હોય, પોતાની મૂઝવણ રજૂ કરીને ઉકેલ મેળવી શકતો હોય. શિક્ષકે અધ્યાપન કરતાં કરતાં બાળકોને વારંવાર પ્રશ્નો પૂછીને કે અન્ય ઉપાય અજમાવીને તેમને પૂછતાં કરવા જોઇએ. શિક્ષકની ધાક-ભય-ડર ને કારણે જો વિદ્યાર્થી બોલી ન શકતો હોય કે વિચાર વ્યક્ત ન કરી શકતો હોય તો તે શિક્ષક નિષ્ફળ છે તેમ કહેવાય. શિક્ષકે અધ્યાપન દરમિયાન એવું વાતાવરણ સર્જવું જોઇએ કે વિદ્યાર્થીઓ વધુમાં વધુ બોલે-પૂછે-જાણે.તમારી પાસે હોય તે મિઠાઇ તમે પીરસતા હોવ છો, પણ તે સામેના પક્ષે ભાવે છે કે કેમ તે તો જાણવું જોઇએ ને? શાળા-કોલેજમાં જેમ શિક્ષક ભણાવવા જાય છે તેમ વિદ્યાર્થીઓ ભણવા આવે છે. બંનેનો હક્ક સરખો છે. બંનેને બોલવાનો હક્ક છે તેમ બંનેની સાંભળવાની ફરજ પણ છે જ. વર્ગમાં બે વિદ્યાર્થીઓ વચ્ચે થતી ચર્ચાને પણ હકારાત્મક રીતે જોવી જોઇએ. શિક્ષક શીખવતા હોય ત્યારે વાતો કરતાં બે બાળકો વચ્ચે શીખવા અંગેની કે અગવડતા અંગેની કે શિક્ષકની ભણાવવાની રીત અંગેની કે પોતાને શું ખબર નથી પડતી તે અંગેની પણ ચર્ચા હોઇ શકે. માટે જ વાતો કરતાં બાળકોની પાસે જઇને પૂછો કે તેઓ શું ઇચ્છે છે? આવા સમયે કોઇ ઉત્સાહી કે આખાબોલો વિદ્યાર્થી કશુંક પૂછે તો તેનો નકારાત્મક પડઘો ન પડવા દો. આ માટે આવાં કેટલાક વિધાનો પણ સાંભળેલા છે .... વચ્ચે કેમ બોલે છે? હું અહીં હજામત કરું છું,? નથી સંભળાતું? તારા મા-બાપે આવા સંસ્કાર આપ્યાં છે? ચાલ વર્ગ બહાર નીખળી જા. પાટલી પર ઊભો રહે વગેરે વગેરે.

મિત્રો, જીવંત દરેક વ્યકિંત વિચાર કરતો જ હોય છે અને પોતાના વિચારોને બહાર લાવવાનો પણ પ્રયત્ન કરતો હોય છે. શિક્ષણ એ તો એક વિચારશીલ પ્રક્રિયા છે. જેનો આપણે સૌ સ્વીકાર કરીએ જ છીએ, તો જેમ વિચારવાની સ્વતંત્રતા છે તેમ બોલવાની પણ સ્વતંત્રતા હોવી જોઇએ. વર્ગખંડમાં જેટલી વધુ સ્વતંત્રતા હશે તેટલા જ પ્રમાણમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે તેમજ વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે વર્ગવ્યવહાર વધુ થશે. **વર્ગને સ્વર્ગ બનાવવા માટે વિદ્યાર્થીઓને વધુમાં વધુ બોલવા દો. જે શિક્ષક ઓછામાં ઓછું બોલે અને વિદ્યાર્થીઓને વધુમાં વધુ બોલવાદે તે જ સારો અને સાચો શિક્ષક**. આમ શિક્ષકે વર્ગખંડમા ંમાત્ર સંભળાવવાનું જ નથી, પણ સાંભળવાનું પણ છે. જે બીજાનું સાંભળે તેને બીજા સાંભળે.